Shankersinh Vaghela

તા-૧૨/૧૦/૨૦૨૬

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ,

તાજેતરમાં અમરેલી ખાતેના પ્રવાસ દરમિયાન રસ્તામાં આવેલા ખેતરોમાં કપાસ સહિતના પાકોની અત્યંત ચિંતાજનક સ્થિતિ મેં રૂબરૂ જોઈ. ખેડૂતો સાથે વાતચીત કરતાં તેમની મુશ્કેલીઓ અને ગંભીર આર્થિક પરિસ્થિતિનો પણ સીધો અનુભવ થયો.

આ અંગે મેં સોશિયલ મીડિયા દ્વારા વીડિયો મારફતે આ વાસ્તવિક સ્થિતિ લોકો સમક્ષ મૂકી હતી. ત્યારબાદ ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાંથી અનેક ખેડૂતોના ફોન આવ્યા. ખેડૂતોની એક જ વિનંતી હતી — "બાપુ, અમારા જિલ્લામાં પણ આવી જ સ્થિતિ છે, તમે અહીં પણ આવો."

આ દરમ્યાન અનેક ખેડૂત ભાઈઓએ પોતાની મુશ્કેલીઓ અને વ્યથા વ્યક્ત કરી હતી તથા પાકની વાસ્તવિક સ્થિતિથી અવગત કરાવ્યા હતા. ખેડૂતોએ વર્ષભર ભારે મહેનત કરી, બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ, સિંચાઈ, મજૂરી અને અન્ય ખેતી ખર્ચમાં મોટી મૂડીનું રોકાણ કર્યું છે. તેમ છતાં પાકની નબળી સ્થિતિ, ઉત્પાદન અંગેની અનિશ્ચિતતા અને વધતા ખેતી ખર્ચને કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ ગંભીર બની રહી હોવાની ફરિયાદો સામે આવી રહી છે.ખેડૂત માત્ર પોતાની આજીવિકા માટે જ નહીં, પરંતુ સમગ્ર રાજ્યની ખાદ્ય સુરક્ષા અને અર્થવ્યવસ્થાને મજબૂત રાખવા માટે પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. આવા સમયે ખેડૂતોને યોગ્ય સહાય અને સમયસર રાહત આપવી એ સરકારની મહત્ત્વપૂર્ણ જવાબદારી છે. આ પરિસ્થિતિ લગભગ ૭૦ % થી વધુ વિસ્તારમાં પ્રવર્તે છે.

તાજેતરનાં વરસાદના આંકડાઓ ચિંતા જનક છે. એ માત્ર ખેડૂતોને માત્ર દુષ્કાળ જ નહિ પણ આગામી દિવસોમાં સમગ્ર રાજ્યના ૭૦ % થી વધુ વિસ્તારમાં પીવાના પાણી , પશુઓના ઘાસચારા સહિતના પ્રશ્નો ઉદ્‌ભવશે. સરકારે જળ સંચયના પ્રોજેક્ટોમાં કરોડો રૂપિયા ખર્ચાયા અને તેની જાહેરાતો માટે રાજ્યની તિજોરીમાંથી બેફામ લુંટ ચલાવી પણ ધરતીપુત્ર માટે ઠેરના ઠેર રહ્યાં અને સવલતોથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. તેમની પુકાર સાંભળવાનો સરકારને સમય નથી અને ઉદ્યોગપતિઓ માટે લીલી જાજમ બિછાવાઈ રહી છે.

હું ગુજરાત સરકારને ખેડૂતોના હિતમાં નીચે મુજબની તાત્કાલિક કાર્યવાહી કરવા વિનંતી તથા માગણી કરું છું.

૧. તાત્કાલિક દુષ્કાળ જાહેર કરો. જ્યાં પરિસ્થિતિ ગંભીર છે ત્યાં તાત્કાલિક સર્વે કરાવી અસરગ્રસ્ત વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે.

૨. ખેડૂતોની દેવા માફી કરો. અસરગ્રસ્ત ખેડૂતોની ખેતીની લોનનું મૂડી અને વ્યાજ બંને માફ કરવામાં આવે.

૩. પાક નુકસાનનું પારદર્શક સર્વે અને સીધી રાહત.ગામવાર અને પાકવાર સર્વે કરી નુકસાનના આધારે સીધી ખેડૂતોના બેંક ખાતામાં સમયબદ્ધ વળતર ચૂકવવામાં આવે.

Former Chief Minister Gujarat

"Vasant Vagdo" Near Adiwada Railway Crossing, K-7 Circle, Randheja Road, Gandhinagar - 382 026
Ph. No. : (079) 232 87601, ● **Fax.** : (079) 232 87485, ● **Email** : shankersinhvaghela@gmail.com

૪. પાક વીમાના ક્લેમનો તાત્કાલિક નિકાલ કરો. અસરગ્રસ્ત ખેડૂતોના પાક વીમાના દાવાઓ ઝડપથી મંજૂર કરી ચૂકવણી કરવામાં આવે અને નામંજૂર થયેલા દાવાઓનું કારણ જાહેર કરવામાં આવે.

૫. પીવાનું પાણી, સિંચાઈ અને પશુધન માટે તાત્કાલિક રાહત આપો. જરૂરિયાતવાળા વિસ્તારોમાં પાણીના ટેન્કર, સિંચાઈ માટે વૈકલ્પિક વ્યવસ્થા, ઘાસચારો અને પશુઆહારની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે.

૬. આગામી વાવેતર માટે વિશેષ રાહત પેકેજ જાહેર કરો. બિયારણ, ખાતર, દવા, ડીઝલ અને અન્ય ખેતી ખર્ચ માટે અસરગ્રસ્ત ખેડૂતોને આગામી સિઝન માટે ખાસ આર્થિક સહાય આપવામાં આવે.

૭. ખેડૂત મુશ્કેલીમાં હોય ત્યારે બિનજરૂરી સરકારી જાહેરાતો અને પ્રસિદ્ધિ પાછળ કરોડો રૂપિયા ખર્ચવા બંધ કરી કરતાં એ નાણાં ખેડૂતોની રાહત, પાક વળતર અને સિંચાઈ માટે વાપરો.

૮. સમગ્ર રાહત કામગીરી માટે સમયમર્યાદા જાહેર કરો. સર્વે ક્યારે પૂર્ણ થશે, દુષ્કાળની જાહેરાત ક્યારે થશે, વળતર ક્યારે મંજૂર થશે અને ખેડૂતોના ખાતામાં રકમ ક્યારે જમા થશે — તેની જાહેર સમયમર્યાદા નક્કી કરવામાં આવે.

સરકાર પાસે જાહેરાતો કરવાની વ્યવસ્થા છે, પ્રચાર કરવાની વ્યવસ્થા છે; હવે ખેડૂતોને રાહત આપવાની પણ એ જ ઝડપ અને ગંભીરતા દેખાવવી જોઈએ. આ બાબતે સરકાર તાત્કાલિક હસ્તક્ષેપ કરી દિવાળીના તહેવારો પૂર્વે ખેડૂતોને યોગ્ય અને સમયસર રાહત આપશો તેવી અપેક્ષા છે.

ધન્યવાદ, આભાર સહ,

આપનો,

(શંકરસિંહ વાઘેલા)

પ્રતિ,
શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ,
માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય સરકાર,
સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર.

Former Chief Minister Gujarat
"Vasant Vagdo" Near Adiwada Railway Crossing, K-7 Circle, Randheja Road, Gandhinagar - 382 026
Ph. No. : (079) 232 87601, ● Fax. : (079) 232 87485, ● Email : shankersinhvaghela@gmail.com